# MEDIA TRACKING SHEET

| | |
|---|---|
| Publication: Sandesh | Page Name : City Vadodara |
| Date : 17 January 2017 | Page Number: |

SANDESH

**ત્રીસ લાખથી વધુના ઇનામો** : ફૂલ મેરેથોનમાં ભારતીય રેકર્ડ તોડનારને એક લાખનું પારિતોષિત

# વડોદરા ફૂલ મેરેથોનમાં ૩૦ હજારથી વધુ રજિસ્ટ્રેશન થયાં

**■ ૨૦૦થી વધુ વિદેશીઓ મેરેથોનમાં ભાગ લેશે: મેરેથોનમાં કેશલેસ ઇન્ડિયાનો પ્રચાર કરવામાં આવશે**



વડોદરા, તા.૧૬

આગામી પાંચ ફેબ્રુઆરીના રોજ યોજાનારી વડોદરા મેરેથોનમાં ૨૦૦ કરતાં વધુ વિદેશીઓ ભાગ લેશે, જેમાં આફ્રિકાના દેશો ઉપરાંત કેનેડા, યુકે, તુર્કી અને ઓસ્ટ્રેલિયાથી સ્પર્ધકો ભાગ લેશે. સ્થાનિક ૩૦ હજાર કરતાં વધુ નાગરિકો રજિસ્ટ્રેશન નોંધાવી ચૂક્યાં છે. મેરેથોનમાં કેશલેસ ઈન્ડિયાના પ્રચારના ભાગરૂપે દોડે ડિજિટલ ઈન્ડિયા, કદમ કદમ પર કેશલેસ ઈન્ડિયા થીમ હેઠળ સ્પર્ધકો ભાગ લેશે.

આજે વડોદરા મેરેથોનનાં તેજલ અમીને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેશલેસ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે મેરેથોન દરમિયાન કેશલેસનો પ્રચાર કરવામાં આવશે. તેમજ રજિસ્ટ્રેશન સહિત તમામ કાર્યવાહીઓ પેપરલેસ કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે યોજાનારી છઠ્ઠી વડોદરા મેરેથોનમાં પ્રથમવાર ૪૨.૧૯૫ કિમીની ફૂલ મેરેથોન યોજાશે. છ કેટેગરીમાં યોજાનારી મેરેથોનમાં ત્રીસ લાખ કરતાં વધુ રકમના ઈનામો આપવામાં આવશે. ફૂલ મેરેથોનમાં ભારતીય રેકર્ડ તેમજ હાફ મેરેથોનમાં જે મહિલા ભારતીય રેકર્ડ તોડશે તેમને વિશિષ્ટ સન્માન સાથે એક લાખ રૂપિયાનું વિશેષ ઈનામ આપવામાં આવશે. મેરેથોનમાં દિવ્યાંગો માટે અલગ કેટેગરીઓ છે. તેમજ દરેક કેટેગરીમાં વિજેતાઓને ઈનામો આપવામાં આવશે. જે સ્પર્ધકો નિયત સમય મર્યાદામાં સ્પર્ધા પૂરી કરશે તેમને પણ ઈનામો આપવામાં આવશે. પત્રકાર પરિષદમાં બોલતાં રાજ્યના રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે, શહેરમાં પ્રથમવાર ફૂલ મેરેથોન યોજાઈ રહી છે. લોકોએ મોટી સંખ્યામાં ભાગ લેવો જોઈએ. જાન્યુઆરીના અંતમાં મોઢેરા ખાતે યોજાનાર નેશનલ ક્લાસિકલ ડાન્સ ફેસ્ટિવલમાં વડોદરાનાં સ્પેશિયલ ચાઈલ્ડ પરફોર્મ કરશે.